Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -: એકેડેમિક કાઉન્સિલ :-
## -: કાર્યસૂચિ – ૨ :-

**તા. : ૦૩–૦૮–૨૦૨૧**
**વાર : મંગળવાર**
**સમય : બપોરે ૧:૦૦ કલાકે**

(૪) શ્રી સ્વામીનારાયણ પરમસુખ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, સરથાણા પ્રાણી સંગ્રહાલયની સામે, નાના વરાછા, સુરત સંચાલિત શ્રી સ્વામીનારાયણ પરમસુખ નર્સિંગ કોલેજ, સરથાણા પ્રાણી સંગ્રહાલયની સામે, નાના વરાછા, સુરત ૩૯૫૦૦૬ ની નીચે દર્શાવેલ વિગતે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી.(નર્સિંગ) નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટની તા.૨૭–૦૫–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક: (૩૬) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

| ક્રમ | વિષય / અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર | સમયગાળો |
|---|---|---|---|
| 1. | બી.એસસી. (નર્સિંગ) (સ્વનિર્ભર) | નવું જોડાણ | તા.૧૫–૬–૨૦૨૧ થી તા.૧૪–૬–૨૦૨૨ |

**શરતો :**

(૧) રાજ્ય સરકારશ્રી પાસેથી એસેન્સીયાલીટી સર્ટીફીકેટ, INC અને GNC ના પરમીશન લેટર મેળવી યુનિવર્સિટીમાં સત્વરે રજૂ કરવું.
(૨) રાજ્ય સરકારશ્રી, INC અને GNC અને VNSGU ના વખતો વખત બદલાતા નિતી નિયમોનું ચુસ્તપણે પાલન કરવું.
(૩) યુનિવર્સિટીનાં ૦.૬૯(એ) અને ૦.૬૯(બી) નાં ઓર્ડીનન્સનું ચુસ્તપણે પાલન કરવું.
(૪) સદર બિલ્ડીગમાં દિવ્યાંગ સ્ટુડન્ટસ માટે રેમ્પની સુવિધા આપવી જરૂરી છે. તેની પૂર્તતા કરવાની રહેશે.
(૫) બિલ્ડીગ G+4 હોવાથી લીફટની સુવિધા આપવી જરૂરી છે. તેની પૂર્તતા કરવાની રહેશે.
(૬) બિલ્ડીગમાં ફાયર સેફટીની NOC વખતો વખત સક્ષમ સત્તામંડળ પાસેથી રીન્યુ કરાવવાનું રહેશે.
(૭) નર્સિંગ લેબનો જરૂરી સાધન સામગ્રીની પૂર્તતા કરવાની રહેશે.
(૮) સંસ્થા પાસે પ્રિન્સીપાલ નથી જેથી કાયમી ધોરણે નિયત લાયકાત ધરાવતા પ્રિન્સીપાલની નિમણૂંક કરવી. દિવ્યાંગ સ્ટુડન્ટ માટે અલગ ટોયલેટની વ્યવસ્થા કરવાની રહેશે.
(૯) સંસ્થાએ એડહોક ધોરણે નિમણૂંક કરેલ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફની નિયમીત રીતે યુનિવર્સિટીની માન્યતા મેળવવા માટે ઈન્ટરવ્યુ કરી માન્યતા પ્રાપ્ત સ્ટાફ થાય તે માટે નિયમોનુસારની કાર્યવાહી કરવી.
(૧૦) હોસ્ટેલમાં વિઝીટીગ રૂમ, પેન્ટ્રી, રીડીગ રૂમ, ગેસ્ટ રૂમ, રીક્રિએશન રૂમ, સીક રૂમ વગેરે INC અને GNCના નિયમોનુસાર પૂર્તતા કરવી. તેમજ હોસ્ટેલ સ્ટાફની પૂર્તતા કરવી.
(૧૧) લાયબ્રેરીમાં કુલ ૩૦૦૦ બુકસ અને ૧૫ જર્નલની પૂર્તતા કરવી તેમજ ફીઝીકલ ફેસીલીટીની પૂર્તતા કરવાની રહેશે.

**નવી કોલેજના જોડાણ માટે રાજય સરકારની માર્ગદર્શિકા પ્રમાણેની વધારાની શરતો :**

૧. યુનિવર્સિટીના વખતોવખતના નિયમો તથા સૂચનાઓનું સંસ્થાએ/કોલેજે ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને યુનિવર્સિટીના આવા વખતોવખત નિયમો સંસ્થા/કોલેજને બંધનકર્તા રહેશે.

૨. મંડળ/ટ્રસ્ટે શરૂ કરવા ધારેલ વિદ્યાશાખા દીઠ રૂપિયા ૧૦,૦૦,૦૦૦/–(દસ લાખ પૂરા)ની છ વર્ષ માટે યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને મંડળના સંયુકતનામે રાષ્ટ્રીયકૃત બેંકમાં મૂકવાની રહેશે. જે પાકતી મુદતે વ્યાજસહિત રીન્યુ કરાવવાની રહેશે. (જો મૂકેલ ન હોય તો )

૩. સંસ્થાએ પોતાની આર્થિક સધ્ધરતા માટે રૂા. ૨૫,૦૦,૦૦૦/– (પચ્ચીસ લાખ પૂરા)ની રકમ રોકડમાં બેંક બેલેન્સ કે ડીપોઝીટ રૂપે તથા રૂા. ૨૫,૦૦,૦૦૦/–(પચ્ચીસ લાખ પૂરા સ્થાયી અસ્કયામતો ટ્રસ્ટ/મંડળના નામે હોવાના આધારો યુનિવર્સિટીને રજૂ કરવામાં આવે.

૪. ડિપોઝીટની શરત અન્વયે મિલકતો ઋણ મુકત હોવા બાબતનું માન. ચેરીટી કમિશનરશ્રીનું પ્રમાણપત્ર યુનિવર્સિટીમાં રજૂ કરવું.

૫. કોલેજ શરૂ કરતા પહેલાં મંડળ પાસે રૂા. ૫,૦૦,૦૦૦/–(પાંચ લાખ પૂરા)નું વર્કીંગ ફંડ હોવાના આધારો યુનિવર્સિટીમાં રજૂ કરવાનાં રહેશે.

૬. કોલેજમાં ઈમેઈલ/ ઈન્ટરનેટની સગવડો ઉપલબ્ધ કરાવવામાં આવે.

૭. યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીના ધારા– ધોરણથી વધુ ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવી શકાશે નહિ.

૮ વિષય અનુરૂપ લાયકાત ધરાવતા વ્યાખ્યાતાઓની નિમણૂંક કરવી.

૯. ઓર્ડિનન્સ ૬૯–એ, ૬૯–બીનું યથાર્થ પાલન કરવું.

(સિન્ડિકેટ વિભાગ)
(બિડાણ : ૩)

(૫) આચાર્યશ્રી, શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ નો આઉટવર્ડ નંબર – ૧૩૨/૨૦૨૧–૨૨ તારીખ ૩૧–૦૭–૨૦૨૧ પત્ર અવલોકન લઈ વર્ષ ૨૦૨૦–૨૦૨૧ માં બીજો ફેસ શરૂ થયો અને કોલેજનાં ગણતરીના દિવસો ઓફલાઈન ચાલ્યા બાદ વેકેશન સમય હોવાને કારણે પણ અસર થઈ છે. તો ૨૦૨૦ – ૨૦૨૧ માં પણ વિદ્યાર્થીઓને તૃતીય વર્ષમાં એ.ટી.કે.ટી. હોવા છતાં પ્રવેશ આપવો કે નહી, એ બાબતે ચર્ચા થવી જોઈએ એવું હું માનું છું. આ અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા વિભાગ/કોમર્સ બ્રાન્ચ)

(૬) તા.૩૦/૦૭/૨૦૨૧ ના રોજ શિક્ષણ વિદ્યાશાખાના ડીનશ્રીનો યુનિવર્સિટી કાર્યાલયને મળેલ ઈ–મેઈલ પત્ર અવલોકનાર્થે જણાવ્યા પ્રમાણે જુન – ૨૦૨૧માં બી.એડ (ફર્સ્ટ સેમેસ્ટર)(ઓનલાઈન) ની પરીક્ષામાં ટેકનીકલ ક્ષતિના કારણે કેટલાક વિદ્યાર્થીઓનું ઓનલાઈન લોગીન ન થવાના કારણે પરીક્ષા પૂર્ણ કરી શકયા નથી. જેથી બી.એડ ની તમામ કોલજોના કુલ ૩૭ વિદ્યાર્થીઓનું પરિણામ FAIL માં આવેલ છે. તો આવા વિદ્યાર્થીઓની પરીક્ષા તા. ૧૦–૦૮– ૨૦૨૧ થી તા.૧૩–૦૮–૨૦૨૧ સુધી ઓનલાઈન પુનઃ લેવા માટેનું આયોજન કરવા અંગે શિક્ષણ વિદ્યાશાખાના ડીનશ્રીએ વિનંતી કરેલ છે.

નોંધઃ–

(૧) ઉપરોકત વિદ્યાર્થીઓ માટે ફરી પરીક્ષા લેવી કે કેમ?

(૨) ફરી પરીક્ષા લેવાય અને વિદ્યાર્થીઓ બીજીવાર પરીક્ષા આપી દે, તો તેમના પરીણામમાં કયા માર્કસ ગણત્રીમાં લેવા? પ્રથમ વારમાં મેળવેલ માર્કસ કે બીજીવાર મેળવેલ માર્કસ લેવા?

(૩) હાલ જે વિદ્યાર્થીનું પરીણામ જાહેર થઈ ગયા હોય, તેમાં કોઈપણ કારણસર પરીક્ષામાં વિદ્યાર્થી બેસી ન શકયો હોય તો તેનું પરીણામ Absent માં મૂકી જાહેર કરેલ છે. આવા સંજોગોમાં વિદ્યાર્થી ફરી પરીક્ષા આપે તો વિદ્યાર્થી પાસે બે માર્કશીટ issue થશે.

(૪) Absent રહેલ વિદ્યાર્થીઓને ફરી પરીક્ષા આપવા દેવી કે કેમ?

(૫) અમુક વિદ્યાર્થીઓના પાછળથી પરીક્ષા ફોર્મ ભરાવેલ તેઓની પરીક્ષા કયારે લેવી?

ઉપરોકત બાબતે જરૂરી ચર્ચા–વિચારણા કરવી.

**(પરીક્ષા વિભાગ/એજયુકેશન)**

(૭) અધ્યક્ષશ્રીની મંજૂરીથી જે બાબત રજૂ થાય તે.

ઈ.ચા. કુલસચિવ

ક્રમાંક : એ/એ.કા./કા.સૂ./ ૧૧૩૪૩/૨૦૨૧
તા. ૦૩/૦૮/૨૦૨૧

પ્રતિ,
એકેડેમિક કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ....